# નવજીવન વડીલ કેન્દ્ર

વૃદ્ધ, એકાકી, અને નિવૃત લોકોની સેવા અને સહાય માટે સ્થપાયેલી સંસ્થા.

વોલ્યુમ ૧, અંક ૪ ઓક્ટોબર ૨૦૦૭
દર ગુરુવારે સેયર સેન્ટર, ઓલ્ડગેટ લેન, કીંકલવુડ લંડન માં મળીએ છીએ.

**President**
Pranlal V Parekh
020 8902 7126
**Vice President**
Mahendra P Kothary
020 8907 7188
**Secretary**
Jayant U Doshi
020 8954 1859
**Treasurer**
Jayantilal D. Sheth
020 8204 9527
**Joint Treasurer**
Himatlal Mehta
020 8427 2379
**Committee**
Baburai T Shah
Surendra D Mehta
Jasuben D Sheth (Mrs)
Indrakant Bakhai
Navnitlal Shah
Nayantika Shah(Mrs)

નીચેના સભ્યોના|.
ઓક્ટોબરમાં જન્મદિન છે
પ્રમીલા શી બાખડા
કલ્પના કે. દોશી
મધુબેન આર દોશી
પ્રમીલા આર કપાશી
કચરાલાલ આર પટેલ
પુનમ પટવા
બટુક સંઘરાજકા
દિનકરરાય શેઠ
વસંતભાઇ શાહ

નીચેના સભ્યોના લગ્નની એનીવર્સરી ઓક્ટોબરમાં છે
વિનોદરાય અને ચંપાબેન માલદે

<u>ક્ષમાપના</u>:- અમે અમારા સહુ જૈન સભ્યોને મિચ્છામી દુક્કડમ પાઠવીને કોઇ પણ ભુલ થઇ હોય તો ક્ષમા યાચીએ છીએ.

<u>અઠ્ઠાઇ:</u> અમારા સભ્ય દેવન્દ્ર શાહે અઠ્ઠાઇ-આઠ ઉપવાસ કર્યા હતાં. અમે તેમના અભિનંદન સાથે સારા આરોગ્ય માટે શુભેચ્છા પાઠવીએ છીએ.

<u>ઓગસ્ટ લંચ:</u>

6 સપ્ટેમ્બર- અનામી દાતા તરફથી, 20 સપ્ટેમ્બર ધનલક્ષ્મીબેન મહેતા અને તેમના પુત્ર નીતિનના જન્મદિન નિમિત્તે,

27 સપ્ટેમ્બર જશવંતી ડી શેઠ અને શ્રીમતી વિદુલા આર શાહના જન્મદિન નિમિત્તે,

<u>સ્પોન્શરશીપ</u>: દિલિપભાઇ દોશીએ મકાલુ સ્પન્શરશીપ ફંડમા £101 આપ્યા તે બદલ આભાર

<u>ગ્રાંટ</u>: અમે સાત અરજીઓ કરી હતી જેમાંથી અમને નીચે પ્રમાણે સફળતા મળેલ છે £7200 એવોર્ડસ ફોર ઓલ તરફથી અને £11,000 સીટી બ્રીજ ટ્રસ્ટ તરફથી બે વર્ષ માટેના.

<u>બ્રાઇટન ટ્રીપ</u>: મંગળવાર 25 સપ્ટેમ્બરની બ્રાઇટનની, બે કોચની સફર અત્યંત સફળ રહી હતી. પાણી અને ફ્રુટ જ્યુસ ઉષાબેન જોબનપુત્રા, કેળાં ઉર્મિલાબેન હર્ષદરાય સંઘરાજકા તરફથી, અને જન્મદિન નિમિત્તે શારદાબેન સુરેન્દ્ર મોદીએ £210 લંચના તથા બીજા નાસ્તાના ખર્ચ પેટે આપ્યા હતાં. ચંદ્રકાન્ત જે. મહેતા અને બચુભાઇ મહેતાએ બ્રાઇટનમાં મંદિરના હોલમાં જમવાની સગવડતા કરી આપી હતી. આ સાથે બાદમા ચા તથા ગ્રેપ્સના બે બોક્ષ ઉપરાંત £51 ની ભેટ તેમના તરફથી આપવામાં આવી હતી.. તેમના દાન અને મહેમાનગતી બદલ તેમનો આભાર.લંચ પહેલા દીપક જશાપરાએ દરિયાકિનારે યોગ કસરતો વ કરાવી હતી. ખરાબ હવામાનની આગાહી હતી પણ અમારા નશીબે સરસ તડકો હતો.લંચ બાદ થોડો સમય પીઅર પર ગાળ્યો હતો અને કેટલાકે શોપીંગમાં સમય પસાર કર્યો હતો.

<u>**2008 માટે ફીનું ધોરણ:**</u> કમીટીએ નીચે પ્રમાણે નક્કી કરેલ છે:
**વાર્ષિક સભ્યપદ** અત્યારના £10 ના બદલે £25
**વાર્ષિક લંચ** માટેનો ફાળો અત્યારના £60 ના બદલે £30
**છ મહિનાના લંચ** માટેનો ફાળો અત્યારના £30 ના બદલે £20
આપણી નાણાકીય સદ્ધરતાને લઇને ફી ઘટાડવાનો નિર્ણય લેવાયો છે. યોગા માટે હવે ફી લેવામાં આવશે નહી. અને આગામી વર્ષમાં સભ્યો માટે નોરમલ દરે જ વધારે કોચ ટ્રીપ રાખવાની ભાવના છે.

<u>હવે પછીની કોચ ટ્રીપ</u>- નવેમ્બરની ૧૧મીએ ગીતમસ્વામી પૂજન અને જૈન સમાજના ૨૦ વર્ષની ઉજવણી માટે રાખેલ છે. આસાથે જલારામ મંદિર તથા લેસ્ટરની દિવાળીની રોશની પણ જોવા જઇશું. મેલ્ટન રોડમાં શોપીંગનો સમય પણ મળી રહે તેવી આશા છે.

**મહાવીર ફાઉન્ડેશન** દ્વારા ઋષભદેવ ભગવાનની પૂજા-તારીખ ૭ ઓક્ટોબર રવિવાર, સ્થળ: કીન્ગસબરી હાઇસ્કૂલ, સ્ટેગ લેન, કીન્ગસબરી, લંડન. પૂજા બાદ સ્વામી વાત્સલ્ય ભોજન, સ્વ. લીલમગૌરી પ્રભુદાસ રાજપાલ કોઠારી હસ્તે કોઠારી પરિવાર તરફથી.

નવરાત્રી: નવનાત વણિક એસોશિએશન નવનાત સેન્ટર હેયઝમાં ૧૨ ઓક્ટોબરથી ૨૧ ઓક્ટોબર નવરાત્રી ઉજવે છે. વિગતો માટે કોઇ પણ કમીટી સભ્યનો સંપર્ક સાધવો.